દાખલ તારીખ :– ૧૫/૧૨/૨૦૨૦.

નોંધ્યા તારીખ :– ૧૫/૧૨/૨૦૨૦.

**ફેંસલ તારીખ:– ૧૦/૦૭/૨૦૨૧.**

સમયગાળો :– વર્ષ – માસ – દિવસ.

૦૦ – ૦૬ – ૨૬

**૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭**

**પાટણના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટ, મુ. પાટણ.**

( પ્રિયંકા લાલ, એડી.જયુ. મેજી.ફ.ક., પાટણ )

**૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭**

**<u>ક્રિમીનલ કેસ નંબર :– ૧૭૧૧/૨૦૨૦.</u>**

આંક :– ૦૫.

**ફરિયાદી** **:–** ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિરૂઘ્ધ**

**આરોપી** **:–** રાવળ લાલેશભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ.આ.૪૦,

રહે. બાલીસણા, આંબાવાડી, તા.જી. પાટણ

ગુનો :– **<u>જી.પી.એકટની કલમ –૧૨૨(સી) મુજબ...</u>**

**// ઠ રા વ //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે :–

આ કામના આરોપીએ તા.૨૧/૧૦/૨૦૨૦ ના રોજ કલાક ૨૧/૦૦ વાગ્યાના સુમારે માંજે બાલીસણા ગામે બસ સ્ટેન્ડ પાસે કોઈ કોગ્નીઝેબલ ગુનો કરવાના ઈરાદે લપાતો છુપાતો પોતાની હાજરી બાબતે ગલ્લા તલ્લા કરતો મળી આવી ગુનો કરેલ છે.

જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ બાલીસણા પોલીસ સ્ટેશનમાં આપતા, બાલીસણા પોલીસે ગુના રજીસ્ટર નં. ૧૧૨૧૭૦૦૪૨૦૦૭૨૭ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે, જી.પી.એકટની કલમ –૧૨૨(સી) મુજબના શિક્ષાનેપાત્ર ઉપરોકત ગુનાનું આંક – ૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીને સમન્સ કરતા, આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૦૭ મુજબ આરોપીને તેની સામેના પોલીસ કેસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ અત્રેની અદાલત ધ્વારા આ કામના આરોપીની આંક – ૩ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા, આરોપીએ સદર ગુનો તેઓને કબુલ મંજુર હોવાનું જણાવેલ છે. બાદ આરોપીએ આંક – ૪ થી ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આરોપીને સદર ગુના કબુલાત પુરસીસ અન્વયે થઈ શકતી સજા અને દંડ બાબતે વાકેફ કરવામાં આવેલ. સદરહું આરોપીએ તેઓની આંક – ૪ ની કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, આરોપીનો આ પ્રથમ ગુનો છે, આરોપી ગરીબ મજુર વર્ગના માણસ છે. વધુમાં આરોપીએ મૌખિકમાં તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે છે તેમજ આવા પ્રકારનો ગુનો ભવિષ્યમાં કરશે નહીં તેવું જણાવેલ છે.

(૩) આ કામે આરોપી સામેનો ગુનો ધ્યાનમાં લેતાં આ આરોપી સામે વાહન પુરઝડપે ચલાવવા અંગેની ફરીયાદ છે. વધુમાં આ કામે આરોપીની ઉપરોકત ગુના કબુલાત પુરસીસ અન્વયેની રજુઆત ધ્યાનમાં લેતાં આરોપીએ રજુ કરેલ કારણો ઓછી સજા અને દંડ કરવા માટેના ખાસ અને પુરતા કારણો છે. વધુમાં નામ. **ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચન્દ્રજી ઠાકોર**ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા

છે અને સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ઉપર પેરા – ૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. ઉપરોકત સજા અને દંડના સિંધ્ધાતોને ધ્યાનમાં રાખી આરોપીને સમાજમાં સારા માણસ બની રહેવાની તક આપવા માટે ઓછી સજા અને દંડ કરવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહેશે. વધુમાં આરોપી કુટુંબની જવાબદારી ધરાવતા વ્યકિત છે તેવી તેમની ગુના કબુલાત ધ્યાનમાં લેતાં તેમજ આવો ગુનો ફરીવાર નહીં કરવાની ખાતરી આપેલ છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## // હુ ક મ //

-- ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૨ અન્વયે આરોપીને જી.પી.એકટની કલમ – ૧૨૨(સી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ઠપકો આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, **તા.૧૦,** માહે **જુલાઈ,** સને **૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૭/૨૦૨૧.
પાટણ.

**( પ્રિયંકા લાલ)**
એડી.જયુડી.મેજી.ફ.ક., પાટણ.
જજ કોડ નં. જીજે ૦૧૪૦૭
સ્પેશ્યલ સીટીંગ